હવે PIથી CP સુધીના અધિકારી રોજ બે કલાક નાગરિકોને સાંભળશે

ડીજીપીના નિર્ણયથી હવે ન્યાય માટે ગાંધીનગરના ધક્કા નહીં

સામાન્ય ફરિયાદોનો 15 દિવસમાં અને ગંભીર અરજીઓનો 6 અઠવાડિયામાં નિકાલ કરવાનો આદેશ

ગાંધીનગર : રાજ્યના નાગરિકોને પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે હવે છેક ગાંધીનગરની ડીજીપી કચેરી કે સચિવાલય સુધી ધક્કા ખાવાની જરૂર નહીં પડે. રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે પોલીસ તંત્રને વધુ પ્રજાલક્ષી, જવાબદાર અને પારદર્શક બનાવવા માટે એક મહત્વપૂર્ણ કચેરી હુકમ જાહેર કર્યો છે. આ હુકમ અનુસાર હવે રાજ્યના પોલીસ કમિશનરથી લઈને પોલીસ સ્ટેશનના PI સુધીના તમામ અધિકારીઓએ દરરોજ બે કલાક ફરજિયાત રીતે નાગરિકોની રજૂઆતો સાંભળવાની રહેશે અને તેમની ફરિયાદોનો સ્થાનિક સ્તરે જ ઝડપી નિકાલ કરવાનો રહેશે.

નવી વ્યવસ્થા મુજબ રાજ્યના તમામ પોલીસ કમિશનરો, સંયુક્ત, અધિક, નાયબ અને મદદનીશ પોલીસ કમિશનરો, રેન્જ આઈજી, ડીઆઈજી અને પોલીસ અધિક્ષકોએ દરરોજ બપોરે 12થી 2 વાગ્યા દરમિયાન પોતાની કચેરીમાં ફરજિયાત હાજર રહીને મુલાકાતીઓને સાંભળવાના રહેશે. અરજદારો દ્વારા આપવામાં આવતી લેખિત અરજીઓ પર તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં અધિકારી હાજર ન હોય તો કચેરીના વરિષ્ઠ અધિકારી અથવા રીડર દ્વારા અરજદારોની રજૂઆત સ્વીકારીને તેને પ્રાથમિકતાના ધોરણે સંબંધિત અધિકારી સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી કોઈ અરજદારને નિરાશ થઈને પરત ફરવું ન પડે. સ્થાનિક સ્તરે પ્રજા સાથે સૌથી વધુ સીધો સંપર્ક ધરાવતા પોલીસ ઈન્સ્પેક્ટરો માટે પણ નિશ્ચિત સમય નક્કી કરવામાં આવ્યો છે. રાજ્યના તમામ પોઈ અને થાણા અમલદારોએ દરરોજ સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન પોતાના પોલીસ સ્ટેશનમાં અચૂક હાજર રહીને મુલાકાતીઓને રૂબરૂ મળવાનું રહેશે. તેઓએ લોકોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી, લેખિત અરજીઓ સ્વીકારી અને તેના પર તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

ડીજીપી મલિકે અરજીઓના નિકાલ માટે પણ કડક સમયમર્યાદા નક્કી કરી છે. સામાન્ય પ્રકારની તમામ ફરિયાદો અને અરજીઓનો નિકાલ મહત્તમ 15 દિવસમાં કરવાનો રહેશે, જ્યારે આર્થિક ગુનાઓ, પારિવારિક અને વૈવાહિક વિવાદો, તબીબી બેદરકારી તેમજ ભ્રષ્ટાચાર સંબંધિત ગંભીર અરજીઓનો નિકાલ 6 અઠવાડિયામાં કરવાનો રહેશે. કોઈ પણ અરજીની તપાસ દરમિયાન સંજ્ઞેય ગુનો બન્યો હોવાનું સામે આવે તો તાત્કાલિક ફરિયાદ (FIR) નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. વહીવટી પારદર્શિતા જળવાઈ રહે તે માટે દરેક કચેરીમાં અરજદારોની વિગતો નોંધવા માટે અલગ રજિસ્ટર રાખવાની પણ સૂચના આપવામાં આવી છે. દરેક અરજીની તપાસ નિષ્પક્ષતા અને ન્યાયિક અભિગમથી થાય તે માટે પોલીસ વડાએ ખાસ ભાર મૂક્યો છે.

રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકના આ આદેશને પોલીસ તંત્રમાં 'જનતા દરબાર મોડલ' તરીકે જોવામાં આવી રહ્યો છે. પોલીસ વિભાગ હવે માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સી નહીં, પરંતુ લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટેની જવાબદાર અને સંવેદનશીલ સંસ્થા તરીકે કાર્ય કરે તે દિશામાં આ નિર્ણયને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

નવસારીમાં ગોચરની જમીનમાં માટીખનન કરાતું હતું

3 લાખ મેટ્રિક ટન માટી-રેતી ખોદીને બારોબાર વેચી મારી

આમડપોરના નગીન ઓડને રૂ.8 કરોડથી વધુનો દંડ

નવસારી : નવસારી જિલ્લામાં ગેરકાયદેસર રેતી અને માટી ખનન કરતા માફિયાઓ સામે ભૂસ્તર વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચેલી ઓનલાઈન ફરિયાદ બાદ તંત્ર સક્રિય બન્યું હતું. જિલ્લામાં ત્રણ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી કરોડો રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જેનાથી ખનન માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નવસારીના આમડપોર ગામે નગીન ઓડ નામના વ્યક્તિ દ્વારા સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને લીઝ વિસ્તાર સિવાયની ગૌચરની જમીન પર મોટા પાયે ગેરકાયદે ખનન કરવામાં આવી રહ્યું હતું. આ મામલે જાગૃત ગ્રામજનોએ સીધા મુખ્યમંત્રી કાર્યાલયમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે નવસારી પ્રાંત અધિકારીની ટીમે સ્થળ પર દરોડો પાડતા આ ગેરકાયદે ખનનનું કૌભાંડ સામે આવ્યું હતું.

દરોડા બાદ ભૂસ્તર વિભાગ અને DILR (જિલ્લા નિરીક્ષક જમીન દફતર) ની ટીમે સંયુક્ત રીતે સ્થળ માપણી અને ટેકનિકલ તપાસ હાથ ધરી હતી. આ તપાસના રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા થયા હતા. તપાસમાં જણાયું કે નગીન ઓડે ગૌચરની જમીનમાંથી અંદાજે 3 લાખ મેટ્રિક ટન માટી-રેતીનું ગેરકાયદેસર ઉત્ખનન કર્યું હતું. આ ગંભીર ગેરરીતિ બદલ ભૂસ્તર વિભાગે નગીન ઓડને 8 કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, આમડપોર ગામની મૂળ લીઝને પણ કાયમ માટે રદ્દ કરવાની કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરના કડક આદેશ બાદ માત્ર આમડપોર જ નહીં, પરંતુ જિલ્લાના અન્ય બે વિસ્તારોમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં પણ મોટી ગેરરીતિઓ સામે આવી છે.

'હું તને રાખવાનો નથી, તુ મરી જા' કહેતા મહિલાનો આપઘાત

ભાવનગરની પરિણીતા 4 વર્ષથી પ્રેમી સાથે રહેતી હતી

છેલ્લા એક વર્ષથી પ્રેમી દારૂ પીને ઢોર માર મારતો હતો

રાજકોટ : ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાં પ્રેમી સાથે રહેતી પરિણીતાને તેના પ્રેમી દ્વારા અવારનવાર કરાતી મારકૂટ અને માનસિકનો કરૂણ અંત આવ્યો છે. પ્રેમીએ 'હું તને હવે મારી સાથે રાખવાનો નથી' તેમ કહીને કડવા વેણ બોલી મરી જવા ઉશ્કેરણી કરતાં પરિણીતાએ પિયરમાં જઈને ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું છે. સારવાર દરમિયાન પરિણીતાનું મોત નીપજતાં, આ મામલે મૃતકની 49 વર્ષીય માતાએ ઘોઘારોડ પોલીસ મથકમાં પ્રેમી વિરૂદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો છે.

બનાવની વિગત એવી છે કે, ભાવનગરના સુભાષનગર વિસ્તારની વર્ષા સોસાયટી રોડ પર આવેલી સ્વાસ્થ સોસાયટી (પ્લોટ નંબર 4)માં રહેતા લાભુબેન ચંદુભાઈ ચૌહાણ (ઉં.વ. 49) એ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, તેમની મોટી દીકરી હિનાબેનના લગ્ન 2009માં શહેરના ખેડૂતવાસમાં રહેતા સંજયભાઈ ગુજરીયા સાથે થયા હતા. આ લગ્નજીવનથી તેમને 17 વર્ષની દીકરી અને 14 વર્ષનો દીકરો પણ છે.

જોકે, આશરે 4 વર્ષ પહેલાં પતિ સાથે મનમેળ ન રહેતાં અને હિનાને વિશાલ ભનુભાઈ કંટારીયા (રહે. રામવાડી, ખેડૂતવાસ) સાથે પ્રેમ સંબંધ બંધાતાં, તે પોતાના બે સંતાન અને પતિને છોડીને સુભાષનગરમાં મામાના ઓટલા પાસે પ્રેમી વિશાલ સાથે રહેવા જતી રહી હતી. માતા લાભુબેને અવારનવાર હિનાને સમજાવીને તેના સાસરે મોકલી હતી, પરંતુ તે દર વખતે ઝઘડો કરીને વિશાલ પાસે જ પરત દોડી જતી હતી. લાભુબેને પોલીસને જણાવ્યું કે, શરૂઆતમાં બધું બરાબર ચાલ્યા બાદ છેલ્લા એકાદ વર્ષથી પ્રેમી વિશાલ કંટારીયા અસલી રંગમાં આવ્યો હતો. તે અવારનવાર દારૂ પીને હિના સાથે વગર કારણે ગંભીર મારકૂટ કરતો હતો અને શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. એટલું જ નહીં, તે હિનાને વારંવાર મહેણાં મારીને કહેતો કે, "તું ગમે તેમ કરીને મરી જા, હું તને હવે મારી સાથે નહીં રાખું." પ્રેમીના આ રોજ-રોજના ત્રાસ અને ધિક્કારથી હિના માનસિક રીતે તદ્દન ભાંગી પડી હતી.

પ્રેમીના ત્રાસથી અતિશય કંટાળીને ગત 20 એપ્રિલ, 2026ના રોજ સવારના સમયે હિનાબેન પોતાના પિયરના ઘર પાસે આવ્યા હતા અને ત્યાં તેમણે પ્લાસ્ટિકની બોટલમાંથી ઝેરી દવા ગટગટાવી લીધી હતી. હિનાને તરફડતી જોઈને પરિવારજનોએ તેને ગંભીર હાલતમાં તાત્કાલિક ભાવનગરની સર ટી. (સરકારી) હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડી હતી. જ્યાં બે દિવસ સુધી મોત સામે ઝઝૂમ્યા બાદ આખરે 22 એપ્રિલ, 2026ના રોજ સારવાર દરમિયાન હિનાબેનનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

ગુજરાત ક્વિનમાંથી TTનું જ સરકારી ટેબલેટ ચોરાઈ ગયું

રેલવે એલસીબીએ ગણતરીના કલાકોમાં જ આરોપીને શોધી કાઢ્યો

સુરતઃ સુરત રેલવે એલસીબીની ટીમે ટ્રેનમાં ફરજ બજાવતા TTE ના સરકારી ટેબલેટની ચોરી કરનારને રેલવે એલસીબીએ ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ ગત તા. ૧૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાત ક્વીન ટ્રેન (નંબર ૧૯૦૩૩) સુરતથી વલસાડ તરફ જઈ રહી હતી. આ દરમિયાન ટ્રેનના સી/૨ કોચમાં ફરજ બજાવતા TTE સંતનકુમાર નંદકિશોર જાદવનું ડાયમીન કંપનીનું રૂ. ૧૫,૦૦૦ની કિંમતનું સરકારી HHT ટેબલેટ ચોરાઈ ગયું હતું. આ મામલે વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી, પરંતુ લાંબા સમય સુધી આરોપીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન રેલવે એલસીબીએ સલાબતપુરા વિસ્તારમાંથી લતીફ ઉર્ફે શાહરૂખ કાલીયો નામના શંકાસ્પદ આરોપીને ઝડપી લીધો હતો. તેની ચોરાયેલું સરકારી ટેબલેટ મળી આવતા પોલીસે આરોપીની ધરપકડ કરી તેને વધુ કાર્યવાહી માટે વલસાડ રેલવે પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

રેલવે એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર ટી.વી. પટેલ અને સબ-ઈન્સ્પેક્ટર રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ ભીખુભાને મળેલી બાતમીને આધારે પોલીસે આ ઓપરેશન પાર પાડ્યું

કૂતરું આડું આવતાં મોપેડ નહેરમાં ખાબકી, મહિલા તણાઈ ગઈ

અંબિકાના વાંસકુઈનું દંપતી ઘાસચારો કાપી પરત ફરતું હતું

કૂતરાને બચાવવાના પ્રયાસમાં વિશાલ પટેલે મોપેડ પરનો કાબૂ ગુમાવ્યો

પતિ નહેરના પાણીમાંથી બહાર આવી ગયો, પત્ની લાપતા

અનાવલઃ અંબિકાના વાંસકુઈ નહેર ફળિયા વિસ્તારમાં ખેતરેથી ઘાસચારો કાપી પરત ફરી રહેલા દંપતીનું મોપેડ કાકરાપાર ડાબા કાંઠાની મુખ્ય કેનાલ નજીક અકસ્માતગ્રસ્ત બનતાં પત્ની નહેરના ધસમસતા પાણીમાં તણાઈ જતાં ગુમ થઈ હતી, જ્યારે પતિનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર વાંસકુઈ નહેર ફળિયાના રહેવાસી વિશાલ હસમુખભાઈ પટેલ પત્ની પિનલ (ઉં. આશરે 28 વર્ષ) સાથે ખેતરે ઘાસચારો કાપવા ગયાં હતાં. બપોરે તેઓ મોપેડ નં.(GJ-19-BS-1162) પર ઘરે પરત ફરી રહ્યાં હતાં. દરમિયાન કાકરાપાર ડાબા કાંઠાની મુખ્ય કેનાલ પરથી પસાર થતાં અચાનક એક કૂતરું રસ્તામાં આવી ગયું હતું. કૂતરાને બચાવવાના પ્રયાસમાં વિશાલભાઈએ મોપેડ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને વાહન સહિત બંને નહેરમાં ખાબક્યાં હતાં. અકસ્માત બાદ વિશાલભાઈ ભારે જહેમત બાદ નહેરના પાણીમાંથી બહાર નીકળી આવ્યા હતા, પરંતુ તેમની પત્ની પિનલબેન ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ જતાં ગુમ થઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં સ્થળે દોડી આવ્યા હતા અને અનાવલ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ફાયર બ્રિગેડ અને બચાવ ટીમને ઘટના સ્થળે બોલાવી શોધખોળ શરૂ કરાવી હતી. બપોરે 3:30 વાગ્યે 112 મારફતે મળેલા કોલના આધારે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મોડી સાંજ સુધી મહિલાની શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી. અનાવલ પોલીસે સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

તિથલ દરિયાકિનારે કેમિકલ ભરેલાં ડ્રમ તણાઈ આવતાં કુતૂહલ

ડ્રમમાં કયું કેમિકલ છે, તે કેટલું જોખમી છે, તે દિશામાં પોલીસની તપાસ

વલસાડઃ વલસાડના તિથલ દરિયાકિનારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. દરિયામાં આવેલી ભારે ભરતીના પાણી સાથે શંકાસ્પદ કેમિકલ ભરેલા ડ્રમ તણાઈને બીચ પર આવી પહોંચ્યા હતાં. દરિયાના મોજા સાથે આ ડ્રમને કિનારે આવતા જોઈને ત્યાં હાજર સ્થાનિક લોકો અને પ્રવાસીઓ અચંબિત થઈ ગયા હતા અને વિસ્તારમાં ક્ષણભર માટે ફફડાટ વ્યાપી ગયો હતો.

દરિયાકિનારે આ પ્રકારે બિનવારસી અને શંકાસ્પદ ડ્રમ મળી આવતા જ જાગૃત સ્થાનિક નાગરિકોએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક સ્થાનિક પોલીસને આ અંગે માહિતગાર કર્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસનો કાફલો તાત્કાલિક તિથલ દરિયાકિનારે દોડી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચીને ડ્રમનો કબજો મેળવ્યો છે.

હાલમાં આ ડ્રમની અંદર કયું કેમિકલ ભરેલું છે, તે કેટલું જોખમી છે અને આ ડ્રમ દરિયામાં ક્યાંથી વહીને આવ્યા છે, તે તમામ દિશાઓમાં પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. દરિયાકિનારેથી આ રીતે કેમિકલના ડ્રમ મળી આવવા તે સુરક્ષા અને પર્યાવરણ બંને દ્રષ્ટિએ ચિંતાનો વિષય બન્યો છે, જેને લઈને સ્થાનિક પંથકમાં હાલ ભારે ચર્ચા જાગી છે.

સુરત જિલ્લા પંચાયતના નિવૃત્ત ક્લાર્કની ૩૧ લાખની અપ્રમાણસર મિલકત મળી

૨૦૨૩માં નિવૃત્ત થયેલા દિલીપ પટેલ સામે એસીબીએ ગુનો નોંધાવ્યો

સુરતઃ સુરત જિલ્લા પંચાયતમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ નિવૃત્ત એવા દિલીપભાઈ નારણભાઈ પટેલ વિરુદ્ધ તેમની કાયદેસરની આવક કરતાં રૂ. ૩૧,૦૦,૪૦૦ની અપ્રમાણસર મિલકત વસાવવા બદલ સુરત શહેર એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, આરોપી દિલીપભાઈ પટેલ સુરત જિલ્લા પંચાયતમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન તા. ૦૧/૦૧/૨૦૦૮થી તા. ૩૦/૦૯/૨૦૧૮ સુધીના આશરે દસ વર્ષના ગાળામાં હોદ્દાનો દુરુપયોગ કરી વિવિધ ગેરરીતિઓ આચરી આર્થિક લાભ મેળવ્યો હોવાનું એસીબીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. રાજ્યસેવક તરીકેની સત્તાનો દુરુપયોગ કરી તેમણે ગુનાહિત ગેરવર્તણૂક દ્વારા મોટી માત્રામાં અપ્રમાણસર સંપત્તિ એકત્ર કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.એસીબીના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ નિર્ધારિત સમયગાળા દરમિયાન પોતાની જાણીતી કાયદેસરની આવકની સરખામણીએ ૩૧.૪૩ ટકા જેટલી અપ્રમાણસર મિલકત વસાવી હતી. આ મામલે સરકાર તરફથી સુરત શહેર એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર કે. જે. ધડુકે ફરિયાદ નોંધાવતા આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તેની જહાંગીરપુરા ખાતે આવેલા રહેણાંક ખાતેથી પકડી ધરપકડ કરવામાં આવી છે.

વાપીમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીને 20 વર્ષની કેદ

ઘેનની ગોળી પીવડાવી બેભાન કરી દુષ્કર્મ આચર્યું હતું

અશ્લીલ ફોટા-વિડીયો ઉતારી સગીરાને બ્લેકમેલ કરી હતી

વાપી : વાપીમાં સગીરા પર દુષ્કર્મ આચરવાના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી 'માનેલા મામા' રાજકુમાર ઉર્ફે છોટુ ભોલાસિંગને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, પીડિતાને ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ 4 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

સ્પેશિયલ જજ ડો. એચ. એન. વકીલની અદાલતે સરકારી વકીલ અનિલ ત્રિપાઠી દ્વારા રજૂ કરાયેલા પુરાવા, સાક્ષીઓ અને વૈજ્ઞાનિક અહેવાલોને ધ્યાનમાં રાખીને 26 વર્ષીય આરોપી રાજકુમાર ઉર્ફે છોટુ ભોલાસિંગ (મૂળ ઉત્તરપ્રદેશ)ને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે આરોપી પર કુલ 1.21 લાખનો દંડ પણ ફટકાર્યો છે.

તપાસ દરમિયાન બહાર આવેલી વિગતો મુજબ, પીડિતાનો પરિવાર વાપીના મોરાઈ વિસ્તારમાં રહેતો હતો. પીડિતાની માતા આરોપીને રાખડી બાંધતી હોવાથી બાળકો તેને 'મામા' તરીકે ઓળખતા હતા. જાન્યુઆરી 2020 દરમિયાન માતા-પિતા નોકરીએ ગયા હતા ત્યારે આરોપીએ સગીરાને લસ્સીમાં ઘેનની ગોળી પીવડાવી બેભાન કરી હતી.

આરોપીએ બેભાન સગીરા સાથે દુષ્કર્મ આચરી તેના મોબાઈલમાં અશ્લીલ ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. આ વીડિયો અને ફોટા વાયરલ કરવાની તેમજ ચહેરા પર એસિડ ફેંકવાની ધમકી આપીને આરોપી લાંબા સમય સુધી સગીરાનું શારીરિક અને માનસિક શોષણ કરતો રહ્યો હતો.

પીડિતા ઉત્તરપ્રદેશમાં પોતાના નાનાના ઘરે રહેવા જતી રહી હતી, તેમ છતાં આરોપી ત્યાં સુધી પહોંચીને તેને હેરાન કરતો રહ્યો હતો. એપ્રિલ 2021માં આરોપીએ પીડિતાના પરિવારજનો અને સગા-સંબંધીઓને અલગ-અલગ વ્હોટ્સએપ નંબર પરથી અશ્લીલ વીડિયો અને ફોટા મોકલી દીધા હતા. ત્યારબાદ પરિવાર દ્વારા વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

કોર્ટે આરોપીને પોક્સો એક્ટની કલમ-6 અને IPC કલમ 376(2)(N) હેઠળ 20-20 વર્ષની સખત કેદ, IPC કલમ 506 હેઠળ એક વર્ષની સજા તથા આઈટી એક્ટની કલમ 67(B) હેઠળ પાંચ વર્ષની સજા ફટકારી છે. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે તમામ સજાઓ આરોપીએ એક સાથે ભોગવવાની રહેશે. કોર્ટના આ ચુકાદાને બાળકી સામેના જાતીય ગુનાઓ સામે કડક સંદેશ આપતો મહત્વપૂર્ણ નિર્ણય માનવામાં આવી રહ્યો છે.

ડાંગથી નર્મદા સુધી સોલાર ક્રાંતિ, ખેડૂતો હવે વર્ષે ત્રણ પાક લઈ રહ્યા છે

વરસાદ પરની નિર્ભરતા ઘટી, ખેડૂતો હવે વર્ષે ત્રણ-ત્રણ પાક લઈ રહ્યા છે

ગાંધીનગર : એક સમય હતો જ્યારે ડાંગ, નર્મદા અને તાપીના આદિવાસી પટ્ટામાં ખેતીનો અર્થ માત્ર ચોમાસું હતો. વરસાદ સારો પડે તો પાક, નહીં તો આખું વર્ષ ચિંતામાં પસાર થતું. વીજળીની અનિશ્ચિતતા, સિંચાઈ માટે રાત્રિના ઉજાગરા અને ડીઝલના વધતા ખર્ચે ખેડૂતોને મુશ્કેલીમાં મૂકી દીધા હતા. પરંતુ આજે આ જ વિસ્તારોમાં સૂર્ય ઊર્જાએ ખેડૂતોના જીવનમાં નવી આશા અને સમૃદ્ધિનો પ્રકાશ ફેલાવ્યો છે. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના ગ્રામીણ અર્થતંત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે.

ડાંગ જિલ્લાના ઉમરપાડા ગામના ખેડૂત રામુભાઈ વાઘમારે માટે હવે વરસાદ જીવનનો એકમાત્ર આધાર રહ્યો નથી. તેમના ખેતરમાં સ્થાપિત સોલાર પંપ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સતત પાણી પૂરું પાડે છે. સિંચાઈ માટે હવે રાત્રીના ઉજાગરા કરવા પડતા નથી અને એક જ પાકથી સંતોષ માનતા ખેડૂત આજે વર્ષમાં એકથી વધુ પાક લઈ રહ્યા છે.

આ પરિવર્તન કોઈ એક ગામ કે એક ખેડૂત પૂરતું મર્યાદિત નથી. નર્મદા, ડાંગ અને તાપી જેવા અંતરિયાળ જિલ્લાઓમાં હજારો ખેડૂતો માટે PM-KUSUM યોજના આર્થિક સ્વાવલંબનનું શક્તિશાળી સાધન બની છે. તાપીના ગવાણ ગામના ગાવજીભાઈ વસાવા કહે છે કે, પહેલાં ખેતી માત્ર ચોમાસા સુધી સીમિત હતી, જ્યારે હવે સોલાર પંપની મદદથી વર્ષ દરમિયાન અનેક પાક લઈ શકાય છે. સાથે પશુપાલન માટે ઘાસચારો ઉગાડી વધારાની આવક પણ મેળવી શકાય છે.

નર્મદા જિલ્લાના જૂના મોસદા ગામના ઈશ્વરભાઈ વસાવા માટે તો આ યોજના જીવન બદલનારી સાબિત થઈ છે. એક સમય એવો હતો જ્યારે ખેતીમાંથી પૂરતી આવક ન મળતા રોજગારી માટે શહેરોમાં મજૂરી કરવા જવું પડતું હતું, પરંતુ હવે તેઓ વર્ષે ત્રણ પાક લઈ રહ્યા છે અને પરિવારની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે.

PM-KUSUM યોજનાની સફળતા માત્ર ખેડૂતોના અનુભવોમાં જ નહીં, પરંતુ તેના વ્યાપ અને પરિણામોમાં પણ સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ગુજરાતમાં હાલમાં ૨૧ હજારથી વધુ સોલાર વોટર પંપ કાર્યરત છે. યોજના હેઠળ રાજ્યમાં ૬૯૫ મેગાવોટ ક્ષમતાના ૨૫૬ સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત થયા છે, જેના કારણે અંદાજે ૨.૯૭ લાખ ખેતીવાડી પંપનું સોલારાઈઝેશન થયું છે. રાજકોટ જિલ્લો ૮૧ મેગાવોટ ક્ષમતા સાથે રાજ્યમાં અગ્રેસર રહ્યો છે. ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલના જણાવ્યા મુજબ PM-KUSUM યોજના ખેડૂતોને માત્ર ઊર્જા અને જળસુરક્ષા જ નહીં, પરંતુ ડીઝલના વપરાશમાં ઘટાડા દ્વારા પર્યાવરણ સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તેમણે જણાવ્યું કે યોજના હેઠળ કમ્પોનન્ટ-A, B અને C એમ ત્રણ તબક્કામાં કામગીરી ચાલી રહી છે. કમ્પોનન્ટ-C હેઠળ મોટા પાયે સોલારાઈઝેશન સફળતાપૂર્વક અમલમાં આવ્યું છે, જ્યારે કમ્પોનન્ટ-B હેઠળ દૂર-સુદૂરના અને જંગલ વિસ્તારોમાં સ્ટેન્ડઅલોન સોલાર પંપ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને આદિવાસી અને જંગલ વિસ્તારના ખેડૂતો માટે રાજ્ય સરકારે વિશેષ ઉદારતા દાખવી છે. કેન્દ્ર સરકારની ૩૦ ટકા સહાય ઉપરાંત રાજ્ય સરકાર ૭૦ ટકા સુધીની સબસીડી આપતી હોવાથી અનેક લાભાર્થી ખેડૂતોને પોતાનો એક પણ રૂપિયા ખર્ચવો પડતો નથી.

સુડોકુ ૬૫૪૭ - 'ક્લુ'

	૬				૪		૧	૫
૯	૧	૪		૨		૩	૮	૭
૩		૫		૭				૪
		૩					૯	૨
		૯					૪	૬
	૨	૮	૪	૯			૩	
				૧				
૨		૬						
૮		૧	૬					

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૬૫૪૭ ઉકેલ

૭	૬	૨	૩	૮	૪	૯	૧	૫
૯	૧	૪	૫	૨	૬	૩	૮	૭
૩	૮	૫	૯	૭	૧	૬	૨	૪
૪	૭	૩	૧	૬	૮	૫	૯	૨
૧	૫	૯	૨	૩	૭	૮	૪	૬
૬	૨	૮	૪	૯	૫	૭	૩	૧
૫	૯	૭	૮	૧	૨	૪	૬	૩
૨	૩	૬	૭	૪	૯	૧	૫	૮
૮	૪	૧	૬	૫	૩	૨	૭	૯

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ખાંસી કફનો ભરાવો

સૌભાગ્ય પુષ્પ ચૂર્ણ અર્થાત્ ટંકણખાર, એક ચના પૂર હુંફાળા પાણીમાં આપવું.

આજનું પંચાંગ

તા.12/06/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિઃ વદ: બારસ: 19:38
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 22
યોગ : અતિગંડ **કરણઃ** કૌવલ
નક્ષત્ર : અશ્વિની-06:29 પછી ભરણી
રાશિઃ મેષ (અ,લ,ઈ)
દિવસ : સામાન્ય- પ્રદોષ
સુરતમાં સૂર્યોદય : 05:57 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19
નવકારસી : 06:45
પારસી વર્ષ : 1395 બાહમન માસનો બીજો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે : 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): તમારા નવા વેપાર-ધંધા માટેની યોજના પાર પડી શકે છે. શુભ સમાચાર મળે. આવક વધે. ધાર્મિક પ્રવાસ થાય.

વૃષભ (બ,વ,ઉ,): તમારી રોજની ક્રિયા પર અસર થાય. આરોગ્ય નરમ રહે. પરિવારની સમસ્યા સતાવે. કોઈની વાતોમાં આવવું નહી.

મિથુન (ક,છ,ઘ,): આવક વધારવાની યોજના બને. મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. પરીક્ષામાં સફળતા મળે.

કર્ક (ડ,હ,): વડીલોનો સાથ મળે. વહીવટી ક્ષેત્રે સંકળાયેલને યશ મળે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી લાભ થાય.

સિંહ (મ,ટ,): વિચારો પર કાબૂ રાખવો. પરિવાર સાથે તાલમેળ રાખવો. જીવન સાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય.

કન્યા (પ,ઠ,ણ,): કાળજીપૂર્વક રહેવું પડશે. જીવનસાથીના આરોગ્ય અને પોતાના પેટની સમસ્યા સતાવે. ખર્ચા વધશે.

તુલા (ર,ત,): ઈચ્છાપૂર્તિનો દિવસ છે. પરિવારનો સાથ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા વધે. જીવન સાથીનો સાથ મળે.

વૃશ્ચિક (ન,ય,): ઉધાર લેવાનું ટાળવું. નોકરીમાં જવાબદારી વધે. હરિફોથી સાવધાન રહેવું. સરકારી કામમાં સાવધાન.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં સાથ મળે. પણ સ્વાર્થીથી સાવધાન. શિક્ષણ, દલાલી, માર્કેટીંગ વગેરે કામમાં સફળતા મળે.

મકર (ખ,જ,): બૌદ્ધિક કાર્યમાં બુદ્ધિશાળી લોકોનો સાથ મળે. આધુનિક ટેકનોલોજીને લગતા કામમાં સફળતા મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): કાર્યસ્થળ પર નવાં ફેરફારથી નવી તક મળે. વહીવટી કાર્યમાં સફળતા મળે. આવક વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): શુભ સમાચાર મળે. આવક વધશે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય.

કોઈ પણ સાલમાં 12 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. ટેકનોલોજી તથા સરકારી નીતિ પ્રમાણે કામની જવાબદારી તથા કાર્યબોજ વધે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. નોકરી-ધંધા વગેરેમાં હરીફો પરેશાન કરે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. કાયદાકીય ગૂંચ સતાવે. ઊંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. મહેનત વધે. વિદેશનો કામ ધીમાં પડે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના કામ-કેરીયર- અભ્યાસમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીનની બાબતે વડીલોની મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર, 3,12,21, 30 તારીખે નવા કામ કરવા, પીળો, જાંબલી, સોનેરી, રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર 2,11,20,29 તારીખે નવાં કામ ટાળવા. લાલ, નીલો રંગ, ઓછો વાપરવશો. ગુરુવારના ઉપાય કરતા રહેવું.

આવતીકાલે NEET પેપર લીક મુદ્દે યુવા કોંગ્રેસ દ્વારા મશાલ રેલી

શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે

અમદાવાદ : NEET પેપર લીક મામલે વિદ્યાર્થીઓને થયેલા અન્યાય અને કેન્દ્ર સરકાર સામે વિરોધ નોંધાવવા યુવા કોંગ્રેસ દ્વારા આગામી 13 જૂન, 2026ના રોજ અમદાવાદમાં વિશાળ મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ માશાલ રેલી ગુજરાત યુનિવર્સિટી થી લઈને અમદાવાદ યુનિવર્સિટી સુધી જશે. પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે નીટ પેપર લીકને કારણે દેશભરના 22 લાખથી વધુ વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના 85 હજારથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થયા છે. પરીક્ષાનું પેપર લીક થાય ત્યારે માત્ર પ્રશ્નપત્ર જ નહીં, પરંતુ લાખો વિદ્યાર્થીઓના સપનાઓ અને ભવિષ્ય પણ ફૂટી જાય છે. પેપર લીક કૌભાંડ અને સરકારની નિષ્ફળ નીતિઓના કારણે મહેનતુ વિદ્યાર્થીઓને નુકસાન વેઠવું પડ્યું છે.જ્યાં સુધી શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે ત્યાં સુધી દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે.